જન્મ લઇ ચૂકેલા
જીવને મૃત્યુ સિવાય
કોઇ જ ભય નથી
- વાલ્મિકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર
gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૪ | ૨ ઓગષ્ટ ૨૦૧૨, ગુરૂવાર, શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૧૬ કિંમત રૂ. ૧.૮૦

## ગાંધીનગરને ગ્રીન બનાવવા ટીમ ગાંધીનગરનો સંકલ્પ

### એક સપ્તાહમાં જ એક લાખથી વધુ વૃક્ષોની જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વાવણી કરાશે

ગાંધીનગર, તા. ૧

ટીમ ગાંધીનગર આ વર્ષે ગ્રીન ગાંધીનગરની રચનાને સાકાર કરવા કટિબદ્ધ બની છે અને એક જ સપ્તાહમાં એક લાખ કરતાં પણ વધુ વૃક્ષોનું વાવેતર કરશે.

આજે ગાંધીનગર શહેરના સ્થાપનાદિનની ઉજવણીના પ્રારંભ પૂર્વે જ ઈન્ફોસીટી વિસ્તારમાં પાંચ હજાર વૃક્ષોનું વાવેતર કરી હરિયાળા ગાંધીનગરની કટિબદ્ધતાનું પ્રથમ પગથિયું સર કરવામાં આવ્યું છે.

૨ જી ઓગષ્ટના રોજ ગાંધીનગર શહેરના જન્મદિનની ઉજવણી નિમિત્તે જી.ઈ.બી. વિસ્તારમાં ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે તો ગુડાએ પણ ટીમ ગાંધીનગરને પ્રોત્સાહિત કરવા માટે વિવેકાનંદ વૃક્ષ સાથી યોજના જાહેર કરી આજે એક હજાર વૃક્ષોનું વાવેતર કરનાર છે. ગુડાએ તેની હદમાં આ યોજના અંતર્ગત પાંચ હજાર વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

૪ થી ઓગષ્ટે જિલ્લાકક્ષાનો વન મહોત્સવ કલોલ તાલુકાના નારદીપુર ખાતે યોજવામાં આવેલ છે અને ત્યાં એ જ દિવસે ૨૫૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ માટે કલોન નીલગીરી, સરગવો, બિલી, લીમડો, ગરમાળો સહિતના વૃક્ષોની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

૫મી ઓગષ્ટના રોજ ગાંધીનગર શહેરમાં શહેરી વિસ્તારના વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે ૨૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવનાર છે. આ માટે જુદા જુદા સેક્ટરોમાં તૈયારીઓ અને આયોજન ઈ રહ્યા છે.

૬ઠ્ઠી ઓગષ્ટના રોજ વાવે ગુજરાત અંતર્ગત જિલ્લાના ૧૦૦ ગામોમાં ૫૦ હજારથી પણ વધુ વૃક્ષોના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૫ જેટલા કલસ્ટર ઓફિસરો, સરપંચો, શાળાના આચાર્યો સહિતના તંત્રના અધિકારીઓ માટે તડામાર તૈયારી કરી રહ્યા છે.

વન વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આણંદ જિલ્લામાં પ્રતિ હેક્ટર ૬૫ વૃક્ષ છે જ્યારે ગાંધીનગર જિલ્લામાં પ્રતિ હેક્ટર ૫૮ વૃક્ષ છે. આમ માત્ર સાત અંકોનો તફાવત છે તે દૂર કરી અને ગ્રીન ગાંધીનગર બનાવવા માટે આ વેળાએ ટીમ ગાંધીનગર કટિબદ્ધ બની ચુકી છે અને તે માટેના જરૂરી આયોજનની સાથે સાથે વૃક્ષોની ઉપલબ્ધિ પણ કરી દેવામાં આવી છે.

ટીમ ગાંધીનગરે વન મહોત્સવએ સરકારી કાર્યક્રમ નહિ પણ લોક મહોત્સવ તરીકે ઉજવાય તે રીતે આ વખતે આયોજન કર્યુ છે. આ માટે ગાંધીનગર શહેરી સત્તામંડળે આર્થિક પ્રોત્સાહનનો નવો ચીલો ચાતર્યો છે અને આયોજનને વધુ લોકભોગ્ય બનાવવામાં આવ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરને ગ્રીનસીટીનું બિરૂદ પાછુ મળે એટલુ જ નહિ પણ સમગ્ર જિલ્લો હરિયાળો બને તે માટે રસ્તાની બન્ને બાજુઓ પર પણ વૃક્ષોના વાવેતર કરવામાં આવનાર છે.

## ગુડા વિસ્તારમાં આજે ૧૩ પીક-અપ સ્ટેન્ડનું લોકાર્પણ

### વિવેકાનંદ વૃક્ષ-સાથી યોજનાના અમલીકરણનો પણ આજથી આરંભ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરી વિસ્તાર વિકાસ મંડળના વિકાસ પામી રહેલ વિસ્તારોને આવરી લેતી શહેરી બસ સુવિધા અંતર્ગત નિયત કરવામાં આવેલા ૧૩ પીક-અપ સ્ટેન્ડ પર અદ્યતન બસ સ્ટેન્ડ આજે ઉભા કરી અને લોકાર્પણ કરવામાં આવશે.


ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા લોકભાગીદારીથી આ ૧૩ પીક-અપ સ્ટેન્ડો માટે અદ્યતન ડિઝાઈન ધરાવતા સ્ટેન્ડ બનાવવામાં આવનાર છે.

આ ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આજથી વૃક્ષ વાવેતર અને ઉછેર માટે નવતર અભિગમ ધરાવતી વિવેકાનંદ વૃક્ષસાથી યોજનાના અમલીકરણનો આરંભ પણ ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસાર કરાવનાર છે. આ બન્ને પ્રસંગોએ ગુડાના વહીવટીય અધિકારી મમતા વર્મા, એસ.ટી. નિગમના ડિરેકટર શ્રી ભગવાનદાસ પંચાલ ખાસ ઉપસ્થિત રહેનાર છે.



રક્ષાબંધન - ભાઈ પ્રત્યે બહેનના હેતનું પ્રતીક. આ પર્વની સુવાસ જ એવી મનોહર છે કે એની અસરમાંથી ભાગ્યે જ કોઈ બાકાત રહી શકે છે. આ દેશના ન હોય એવા લોકો પણ આ પર્વને નજીકથી જુએ તો એમનેય આ પર્વ ઉજવવાનું મન થઈ જાય એવું સ્નેહીલું પર્વ છે રક્ષાબંધન. હકીકતે એવી ઘટના ગાંધીનગર શહેરમાં બની પણ છે જે જાણ્યા પછી આપણને આપણું આ વ્હાલું રક્ષાબંધનનું પર્વ વધારે વ્હાલું લાગવા માંડે. ગાંધીનગરમાં અમેરિકન ફિલ્ડ સર્વિસ સંસ્થા મારફતે જર્મનીથી ગાંધીનગરના પરિવારમાં સભ્ય બનેલી બે યુવતિઓએ પણ પારિવારિક માહોલમાં આ પર્વની ઉજવણી કરી હતી અને પરંપરાગત રીતે કુમકુમ તિલક કરી ભાઈઓને મીઠું મોઢું કરાવી રાખડી બાંધી હતી. (તસવીર : દિપક જાની)


## હાર્દિક અભિનંદન



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય



**શ્રી શંભુજી ઠાકોર**
માન. ધારાસભ્યશ્રી
ગાંધીનગર



**આનંદીબેન પટેલ**
માન. મંત્રીશ્રી મહેસુલ અને
શહેરી વિકાસ, ગુજરાત રાજ્ય

ગાંધીનગર મત વિસ્તારના માન. ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરની રજૂઆતથી વિકાસ પુરુષ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ માન. મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા, બોરીજ, ઈન્દ્રોડા, પાલજ અને બાસણમાં ૧૨.૯૩ કરોડના ખર્ચે ગટર લાઈનનું કામ પૂર્ણ થતાની સાથે જ આર.સી.સી. રોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે તે બદલ ગાંધીનગર શહેર વોર્ડ નં. ૮ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તથા પાંચેય ગામના ગ્રામજનો દ્વારા રાજ્ય સરકારને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

**રૂચિર ભટ્ટ**
પ્રમુખ - ગાંધીનગર મહાનગર ભાજપ

**અશોકજી મકવાણા**
મંત્રી, ગાંધીનગર મહાનગર

**પંકજજી ઠાકોર**
પ્રમુખ, બક્ષીપંચ મોરચો, ગાંધીનગર મહાનગર

**સોનાજી મકવાણા**
પ્રમુખ, વોર્ડ નં.૮

**અમિતભાઈ દેસાઈ**
મહામંત્રી, વોર્ડ નં. ૮

**વિનોદકુમાર ઠાકોર**
મહામંત્રી, વોર્ડ નં. ૮

**મહેશજી ઠાકોર**
પ્રમુખ, બક્ષીપંચ મોરચો, વોર્ડ નં.૮

**મેલાજી માધાજી ઠાકોર**
ઉપપ્રમુખ, કિસાન મોરચો, ગાંધીનગર મહાનગર

**અમૃતજી ઠાકોર**
પ્રમુખ, સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, વોર્ડ નં.૮

**પ્રકાશભાઈ દેસાઈ**
પ્રમુખ, યુવા મોરચો, વોર્ડ નં.૮

**સંદિપ બાલચંદ પનિકર**
મંત્રી, સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, વોર્ડ નં. ૮

**રાણાજી ઠાકોર**
ઉપપ્રમુખ, બક્ષીપંચ મોરચો, ગાંધીનગર મહાનગર

**સેંધાજી રાઠોડ (ચેતનજી)**
મંત્રી, બક્ષીપંચ મોરચો, ગાંધીનગર મહાનગર

- **ધોળાકુવા :** શનાજી કાળાજી ઠાકોર, જયરામભાઈ પ્રજાપતિ, ગાભાજી ડી. ઠાકોર, રણછોડજી ઠાકોર
- **બોરીજ :** રમેશગીરી ગોસાઈ, કનુભાઈ દેસાઈ, અરવિંદ હદાજી ઠાકોર, તખુજી ખાંટ
- **ઈન્દ્રોડા :** ઉમેદજી ઠાકોર, મેલાજી મંગાજી ઠાકોર, ગોવિંદજી અભરાજજી ઠાકોર, રાજનસિંહ ગોહિલ
- **બાસણ :** અભયસિંહ જે. વાઘેલા, વિષ્ણુજી પુંજાજી ઠાકોર, ભગવાનભાઈ હરીભાઈ દેસાઈ
- **પાલજ :** બળદેવજી રાઠોડ (ભુવાજી), હસમુખભાઈ ઠાકર, ગણપતભાઈ વાઘેલા - પૂર્વ સરપંચ


## સેક્ટર-૭માં ડેન્ગ્યુનો પોઝીટીવ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૭માંથી ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળી આવતાં આરોગ્ય તંત્રએ દર્દીના મકાન સહિત આસપાસના રહીશોને ત્યાં એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાંથી આમ તો છેલ્લા બે માસમાં આ ત્રીજો કેસ મળી આવ્યો છે. તંત્ર દ્વારા શહેરમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે અનેકવિધ પગલાં ભર્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સે. ૭માંથી મળી આવેલ દર્દી અમદાવાદની કોલેજનો વિદ્યાર્થી છે અને રોજેરોજ અપડાઉન કરી રહ્યો છે. આ વિદ્યાર્થીની સારવાર હાલ ચાલુ છે અને તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં પણ આ વખતે સારો એવો વધારો નોંધાયો છે. જો કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં ચાલી રહેલી બાંધકામની પ્રવૃત્તિ તેમજ પાણી નિકાલના યોગ્ય પગલાંઓ ન લેવાતાં હોવાથી પણ આ કેસોની સંખ્યા વધી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગરમાં બહારથી રોજગારી માટે આવેલા મજૂરોમાં મેલેરિયાના કેસોની સંખ્યા વધુ જોવા મળી રહી છે. આ મજૂરોની સતત આવન-જાવન રહેતી હોવાથી મજૂરોનું સ્ક્રીનીંગ પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

તંત્રએ આ વખતે પહેલીવાર વિદ્યાર્થીઓ જે હોસ્ટેલમાં રહે છે અને અન્ય જિલ્લાઓમાંથી અહિ આવ્યા છે તેમના લોહીના નમુના લેવાનો પણ નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ સ્કૂલો અને કોલેજોને પણ પત્ર લખી અને તેમના ધાબાઓ પર વરસાદી પાણીનો સંગ્રહ ના થાય તે જોવા માટે તાકીદ કરી છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા પણ અલાયદી સૂચનાઓ અપાવી છે. એક-બે નહિ પણ ચાર શૈક્ષણિક સંસ્થાઓને તપાસ દરમ્યાન આ માટે પત્ર આપી અને મૌખિક પણ તાકીદ કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.


|| શ્રી રામ જય રામ જય જય રામ ||
|| જય જલારામ ||

**અમારા સ્નેહાળ મિત્ર અને સ્વજન**



**સ્વ. શ્રી નરેનકુમાર નવિનચંદ્ર ઠક્કર**
(સિવિલ જજ સી.ડી., ગાંધીનગર)
ની પૂણ્ય સ્મૃતિમાં યોજેલ
**"ભજન સંધ્યા"**
માં પધારવા વિનંતી...
- મિત્ર મંડળ તથા સ્નેહીજનો

: સ્થળ :
શ્રી જલારામ મંદિર
સેક્ટર-૨૯, ગાંધીનગર.

: તારીખ - સમય :
૩-૮-૨૦૧૨, શુક્રવાર
સાંજે ૬ થી ૮ કલાક


## વાત અમારી- આપને...

પરમ સ્નેહીશ્રી,
આજે ગાંધીનગરના જન્મદિને
'ગાંધીનગર સમાચાર'
આપને પ્રણામ પાઠવે છે...
'ગાંધીનગર સમાચાર'-
ગાંધીનગરની ધરતીનું સંતાન છે.
'ગાંધીનગર સમાચાર'
ગાંધીનગરનું પ્રતિબિંબ છે- પડઘો છે.
**અને - હા,**
'ગાંધીનગર સમાચાર'
સકારાત્મક અને સર્જનાત્મક અભિગમ
માટે પ્રતિબધ્ધ છે.
નગરની પ્રવૃત્તિઓ અને પ્રશ્નોની
વાચા અમારૂ કર્તવ્ય છે.
નગરની સાંસ્કૃતિક- સામાજિક -સાહિત્યિક
વૃત્તિ-પ્રવૃત્તિ અમારી પ્રાણશક્તિ છે.
નગરની ઉજ્જવળ આવતીકાલને
પોંખવા અમે તત્પર છીએ.
નગરનો પ્રાકૃતિક અને સાંસ્કૃતિક
વૈભવ- અમારો ઉરદ્યબકાર છે.
**આમંત્રણ છે -**
આપની આસપાસ બનતી ઘટનાઓ -
સંવેદનશીલ પરિવારો- વ્યક્તિઓ...
**અને**
સકારાત્મક - સર્જનાત્મક પ્રવૃત્તિઓની
વિગતો જણાવવા - મોકલવા...
અમારી લાગણી છે - કે
'ગાંધીનગર સમાચાર' આપને આંગણે
નિયમિત આવવા આતુર છે.
**ત્યારે...**
આપ 'ગાંધીનગર સમાચાર' ને
આપના પારિવારિક માહોલનું
ભાગીદાર બનાવો...
અમે પ્રત્યેક પ્રભાતે...
ગાંધીનગરની નાની - મોટી
ઘટનાઓ આલેખશું -
નગરની પ્રવૃત્તિઓથી
આપને અવગત રાખશુ -
આવતીકાલના અણસાર આપશું -
નગરના નાના-મોટા પ્રશ્નોને
ઉકેલની દિશા ચિંધશું -
નગરની નવોદિત કલમે
નવા વિચારો પિરસશું -
આજે અમે વિનંતી માટે
આપને આંગણે આવ્યા...
**હવે,**
આપ આપના અખબાર વિતરકને
કહો.... આવતીકાલથી
'ગાંધીનગર સમાચાર' પણ લાવજો
**...ને**
અમે આદરપૂર્વક આપને આંગણે...
વિચારો- સમાચારોનો
રસથાળ લઈ હાજર થઈશું. -
સુપ્રભાતનો સંવાદ થાશું. -
પળેપળના પ્રતિબિંબ ઝીલશું -
આપના આર્શીવાદ મેળવશું -
સમાજને સંવેદનશીલ બનાવશું -
**તો -**
આપનો પ્રેમ અને હુંફ
આભિલાષીએ છીએ.
પ્રતિભાવની પ્રતિક્ષા છે અમને...
સહયોગની શ્રધ્ધા સહ..

**આપનો વિનમ્ર.**

**(કૃષ્ણકાન્ત જહા)**

**આપના પ્રતિભાવ... માટે**
E-Mail : gandhinagarsamachar@yahoo.com
ફોન નં. :૦૭૯-૨૩૨૨ ૨૨૫૭૧ / ૨૩૨૩૭૫૭૧

**આપના વિતરકને આજે જ કહો...**
**કાલથી ગાંધીનગર સમાચાર લાવજો...**